નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date : Date :25 JUNE 2024 I TUESDAY I Page :15 I Year : 2 I Issue :75 I Price: 2/-




રાજકોટ બંધમાં જોડાવાની અપીલ કરતા કોંગ્રેસ અગ્રણીઓ

જુઓ પેજ નં.૦૨

## રાજકોટના ગેમ ઝોનમાં આગ લાગવાથી સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાની માસીક પુણ્યતિથીએ 'સામના મિરર પરિવાર' અત્યંત દુઃખની લાગણી અનુભવે છે



## આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગત આત્માઓને ઈશ્વર શાંતિ અર્પે, તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે અને ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા-સારા કરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના

નો ફેવર, નો ફિઅર... સામના મિરર




## કોંગ્રેસ બળજબરી નહીં કરે પણ ખુલ્લી દુકાનોના વીડિયો વાયરલ કરશે

# સંવેદના દાખવીને અડધો દિવસ સજ્જડ બંધ પાળવા, પિડીતોને ન્યાય માટે સરકારને ઢંઢોળવા કોંગ્રેસનું આહ્વાન શકિતસિંહ સહિતના પ્રદેશ નેતાઓનો રાજકોટમાં મુકામ

**જીગ્નેશ મેવાણીએ ૨૬ દિવસ દરમ્યાન ૭૦ હજારથી વધુ લોકો સાથે સંપર્ક કર્યો મતદાતાઓને સરકાર પાસે ન્યાયની આશા નથી મોરબી, સુરત, વડોદરાના આરોપીઓ જેલની બહાર ખુલ્લેઆમ ફરે છે કોંગ્રેસ આકરા પાણીએ**

**જે જગ્યાએ અધિકારીઓ–પદાધિકારીઓ, મેયર, ધારાસભ્ય સહિતના લોકો ગયા હોય તે જગ્યા કેવી રીતે બંધ થાય? શકિતસિંહ ગોહિલ**

રાજકોટ,તા.૨૫

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનની ગોઝારી દુર્ઘટના બાદ મોટા પડઘા પડયા છે. તાત્કાલીક ધોરણે અનેક અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ તપાસની એસઆઈટી તૈયાર કરવામાં આવી રહી છે. સુનાવણીઓ હાથ ધરવામાં આવી રહી છે. ત્યારે તેમના ન્યાય માટે કોંગ્રેસે બાયો ચડાવી છે. ૩ દિવસના ઉપવાસ આંદોલન બાદ આવતીકાલે પ્રથમ માસીક પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ અડધો દિવસ બંધ રાખવાનું એલાન કરવામાં આવ્યું છે.

આ બંધના એલાન અંતર્ગત આજરોજ કોંગ્રેસ અગ્રણીઓએ કોન્ફરન્સ યોજી બંધના એલાનમાં જોડાવા લોકોને અપીલ કરી છે. આ તકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ, રાજયસભાના સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું કે લોકો ન્યાયની રાહ જોઈ રહ્યા છે. નગરજનોએ અમારો આભાર માન્યો હતો કે અમે ન્યાયની ઝુંબેશ શરૂ કરી છે. આ પહેલા પણ મોટી સંખ્યામાં લોકોએ કેન્ડલ માર્ચમાં જોડાઈ સમર્થન આપ્યું હતું.


જીજ્ઞેશ મેવાણીએ ખુબ મહેનત કરી છે લોકો સુધી પહોંચવાની. જીજ્ઞેશ મેવાણી, લાલજીભાઈ દેસાઈ, પાલભાઈ આંબલીયાની ટીમ દ્વારા ઘરે ઘરે તેમજ દુકાનોએ જઈ પત્રીકાઓ વહેંચી છે. આ અભિયાન અંતર્ગત લોકો દ્વારા જાણવા મળ્યું કે મતદાતાઓને હવે સરકાર પર વિશ્વાસ રહ્યો નથી. તેઓએ પણ ન્યાયની આશા છોડી દીધી છે.

તેઓ વધુમાં જણાવે છે કે, એસઆઈટી એ ફકત લીફાફા સિવાય બીજુ કશું જ નથી. એસઆઈટીની તપાસ એ ચાર્જસીટનો ભાગ ન બને કોર્ટ ચાર્જસીટનો પાર્ટ ન હોય તો કોર્ટમાં ચાલે નહીં. મોરબીની ઘટના, તક્ષશિલા કાંડ, વડોદરાના હરણીકાંડને આજદિન સુધી ન્યાય મળ્યો નથી. અને હવે રાજકોટની ગેમઝોન ઘટનાના પીડીત પરિવારોને ન્યાયની રાહ છે.

આવતીકાલે પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્વયંભૂ બંધ રહે તે માટે વેપારી એસો.એ. સંપૂર્ણપણે સમર્થન આપ્યું છે. અમે લોકોના વેપાર-ધંધા બંધ રહેવાથી નુકશાન ન થાય તે માટે અર્ધો દિવસ બંધ રાખવાની અપીલ કરી છે. અમને આશા છે કે લોકો માનવતાની દ્રષ્ટિએ આ અભિયાનમાં પોતાનું યોગદાન આપશે.

સરકાર પર કટાક્ષ કરતા શકિતસિંહ ગોહિલ જણાવે છે કે જે જગ્યાએ કમિશ્નર, કલેકટર, ડીએસપી, મેયર, ધારાસભ્ય ગયા હોય તે જગ્યાને કોણ બંધ કરાવી શકે? ગેમઝોન ઘટનાના દિવસે રાહતદરે એન્ટ્રીની ઓફર રાખવાની મધ્યમ વર્ગના લોકો ભોગ બન્યા હતા. સરકાર ઉદ્યોગપતિઓના ૧૬ લાખ કરોડ રૂપિયા માફ કરી શકતી હોય તો શા માટે વધુ સહાય ચુકવી ન શકે. આપણને અત્યારે અસંવેદનશીલ મુખ્યમંત્રી અને આઠ ચોપડી પાસ ગૃહમંત્રી મળ્યા છે. ભાજપના ભ્રષ્ટ નેતાઓને કારણે આ મોટી દુર્ઘટના બની છે.

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું છે કે સતત ૨૬ દિવસથી રાજકોટના ખુલેખુણે ફરી અંદાજે ૭૦ હજારથી વધુ લોકોને અમે મળ્યા છીએ. લોકોએ ન્યાયની આશા છોડી દીધી છે પરંતુ અમે પીડીત પરિવારો માટે ન્યાય ન મળે ત્યાં સુધી લડત ચાલુ રાખીશું.



## ઈતિહાસમાં પહેલીવાર જો આવી ગોજારી ઘટના બની હોય એ ઘટનાના નમ્ર આખે અને ભારે હૈયે રાજકોટ વાસીઓએ શ્રદ્ધાંજલિ આપવાની ફરજ પડી હોય એનાથી મોટું દુખ કાંઈ પણ ગણી શકાય નહિ



# રાજકોટ બંધમાં જોડાવાની અપીલ કરતા કોંગ્રેસ અગ્રણીઓ

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડ માં મૃત્યુ પામેલા ૨૮ નિર્દોષ લોકોના જીવ ગયા હતા જેની પ્રથમ માસિક તિથિ હોય જેને લઈ શ્રદ્ધાંજલિ રૂપે રાજકોટ બંધ પાડવાનું હોય તો રાજકોટ વાસીઓને અપીલ કરી છે કે ગેમ ઝોન ની અંદર નિર્દોષ લોકોના જીવ ગયા છે તેમને અને તેમના પીડિત પરિવારની ન્યાય મળે જે સીટની રચના કરવામાં આવી છે.

એ સીટમાં સારા અને નીડર અધિકારી નિમણૂક થાય વળતર મા વધારો થાય ફાસ્ટ ટ્રેક કોર્ટમા કેસ ચાલે એ હેતુથી જ્યારે કોંગ્રેસ મેદાને આવી છે. ભૂતકાળની અંદર જેમ કોંગ્રેસ રાજકોટમાં અને સમગ્ર ગુજરાતમાં લોકોની સાથે રહી છે એ જ રીતે જ્યાં સુધી પીડિત પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસ કોઈ પણ ભોગે લડી લેવાના મૂડમાં હોય અને આપણા રાજકોટ વાસીઓની ફરજ બને છે.

રાજકોટ ની અંદર ઈતિહાસમાં પહેલીવાર જો આવી ગોજારી ઘટના બની હોય એ ઘટનાના નમ્ર આખે અને ભારે હૈયે રાજકોટ વાસીઓએ શ્રદ્ધાંજલિ આપવાની ફરજ પડી હોય એનાથી મોટું દુખ કાંઈ પણ ગણી શકાય નહિ ત્યારે રાજકોટ વાસીઓને પોતાના ધંધા રોજગાર બંધ રાખી રાજકોટના આપને બંધમાં જોડાવા ગોપાલા અનડકટ જશવંતસિંહ ભટ્ટી રણજીત મુંધવાએ અપીલ કરી છે.એસઆઈટીએ કોથળામાંથી બીલાડુ કાઢ્યું છે. ફક્ત ૨૦ લીટર જ પેટ્રોલ હતું તેમ કહી અધિકારીઓએ બચાવ કર્યો છે. પુરાવાઓ નષ્ટ કરવામાં ભાજપના ભ્રષ્ટ નેતાઓ સામેલ છે. રાજકોટની ભ્રષ્ટ પોલીસ પણ દારૂના અડ્ડાઓ બંધ રખાવે તેવી મારી અપીલ છે. સેવા દળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ જણાવે છે કે ગુજરાતના ભ્રષ્ટ સાશકોને ચેલેન્જ કરવા માંગુ છું કે અધિકારીઓની ૨૦ વર્ષ પહેલાની મિલ્કત અને આજની મિલ્કત જાહેર કરે. તમામની મિલ્કતો ચાર ગણી વધુ નિકળશે.

અનેકોવાર વિચાર આવે છે કે આ ઘટનામાં મારો દિકરો હોત તો મારી સ્થિતિ શું હોત આ વિચારીને જ આ લડતમાં જોડાયો છું. મોરબી સહિત અનેક ઘટનાના આરોપીઓ જેલની બહાર છે. હવે અમે રાજકોટના પીડીતો માટે ન્યાયની લડત લડવા માંગીએ છીએ. આ બંધના એલાનમાં જોડાવવા કોંગ્રેસ અગ્રણીઓએ લોકોને અપીલ કરી છે કે પોતાનું સમર્થન આપે. શકિતસિંહ ગોહિલ જણાવે છે કે સોશ્યલ મીડિયા ઈન્ફલુઅસરને અપીલ છે કે જે લોકોએ દુકાન બંધ ન રાખી હોય તેનો નાનો વિડીયો બનાવી સોશ્યલ મીડિયા પર મુકે. તેમજ એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસના સભ્યો ઈન્દ્રવિજયસિંહ ગોહિલ આવતીકાલે શાળા-કોલેજોમાં જઈ સંસ્થાના સંચાલકોને મળીને અભિયાનમાં જોડાવવા અને સહયોગ આપવા અપીલ કરશે.

## રાજકોટની શાળા-કોલેજો બંધ રાખવા કોંગ્રેસ NSUIની અપીલ

રાજકોટના અગ્નિકાંડ મુદે કોંગ્રેસ આક્રમક મૂડમા જોવા મળી રહી છે અને આવતીકાલે એટલે ૨૫મી જૂન અને મંગવાળે બંધનુ એલાન આપ્યું છે ત્યારે રાજકોટની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહે તે માટે કોંગ્રેસના શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ આગેવાનો- ના પ્રદેશ અગ્રણીઓ ખાનગી શાળા સંચાલક મંડળના અગ્રણીઓને આ મુદે સમર્થન આપવા અપીલ કરી હતી. તેઓએ રજૂઆતમાં જણાવ્યું હતુ કે આ લડાઈ કોઈ રાજકીય નથી આ લડાઈ ન્યાય માટે રાજકોટના સ્વાભિમાનની કસોટીની છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમા અનેક નિર્દોષ નાના ભૂલકાઓ ભુજાયા છે. ત્યારે આવી દુર્ઘટનાઓ જો તંત્ર અને સરકારના પાપે થતી હોય તો માનવસમાજની ફરજ બને કે પીડિતોને ન્યાય મળવો જોઈએ અને જે જે જવાબદારો હોય તેઓને કડક સજા મળવી જોઈએ.વિશેષ કોંગ્રેસના આગેવાનો અને સ્કૂલ સંચાલકો વેચ ખાસ ચર્ચા ધો.૧૦-૧૨ બોર્ડની હાલ પૂરક પરીક્ષાઓ ચાલી રહી છે તે અંગે થઈ કે હાલ જે જે કેન્દ્રો પર પરીક્ષાઓ ચાલુ ત્યા અમને કોઈ આપતી નથી જેથી પૂરક પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલશે અને તે કેંદ્રો પર વિદ્યાર્થીઓને કોઈ ખલેલ ના પહોંચે તેની ખાસ તકેદારી લેવામાં આવશે

# સાગઠિયાની ગેંગનું લાંચનું રેટ કાર્ડ : ૫ વર્ષમાં પ્લાન પાસ કરવામાં ૧૮૦ કરોડનો ભ્રષ્ટાચાર

## મનપાની ટી.પી. શાખામાં નાના મકાનના પ્લાન પાસ કરવાના ૧૦૦૦ રૂપિયાથી માંડી હાઈરાઈઝના પ્રતિ ચોરસ ફૂટ ૧૦૦૦ સુધીની લાંચ લેવાતી હતી

રાજકોટ.તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકાના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયા અને તેની ગેંગ પ્લાન પાસ કરવામાં કઈ રીતે લાંચ લેતા હતા તેનું રેટકાર્ડ ખાનગી મિડીયાને કેટલાક બિલ્ડર્સ, આર્કિટેક, વચેટિયા અને રાજકારણીઓ પાસેથી જાણવા મળ્યું છે જેમાં છેલ્લા ૫ વર્ષમાં પ્લાન પાસ કરવા માટે સાગઠિયા અને તેની ગેંગના સભ્યોએ અંદાજે ૧૮૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે સ્પષ્ટ થયું છે.

મનપામાં વર્ષે ૭૦૦૦ જેટલા બાંધકામ પ્લાન મંજૂર કરાય છે જો કે હવે શહેરમાં કોમ્પ્લેક્સ કલ્ચર વધ્યું છે તેથી એક પ્લાનમાં જ ક્યારેક ૨૦ તો ક્યારેક ૪૫ ઘર કે ઓફિસ દુકાન હોય છે. આ માટે મનપાની ટી.પી. શાખામાં પણ વધતા કોમ્પ્લેક્સ કલ્ચરને લઈને હવે બાંધકામ પ્લાન ઉપરાંત યુનિટ દીઠ લાંચ લેવાનું શરૂ કર્યું છે. આ રીતે જોતા ૭૦૦૦ પ્લાન મુકાય તો તેમાં આશરે ૪૫૦૦૦ યુનિટ બન્યા હોય છે. આ ૪૫૦૦૦ યુનિટમાં નાના રહેણાક મકાનથી માંડી હાઈરાઈઝના ફ્લેટ કે ઓફિસ પણ હોય છે. એક નાનું મકાન હોય તો ૧૦૦૦ રૂપિયા લેવાય છે. જો કે આવા મકાનના પ્લાન ખૂબ જ ઓછા હોય છે. ફ્લેટ હોય તો ૮૦૦૦ રૂપિયા સુધી લાંચ લેવાતી હતી. ખાસ કરીને બિલ્ડરના વેચાણીયા પ્રોજેક્ટ હોય અને તેમાં પણ પ્લાનમાં જગ્યામાં છૂટછાટ કે પછી એવા કોઇ વિવાદ હોય તો તેને નજર અંદાજ કરવા માટે અલગથી પૈસા લેવામાં આવે છે.



આ રીતે ૧૦૦૦ રૂપિયાથી માંડી એક યુનિટના ૩૦,૦૦૦ રૂપિયા તેમજ જો ૨૫ મીટરથી મોટી બિલ્ડિંગ હોય તો તેમાં યુનિટ નહીં પણ જેટલું બાંધકામ હોય અને ખાસ છૂટ લેવી હોય તેટલી જમીનના પ્રતિ ચોરસ ફૂટના ૧૦૦૦ રૂપિયા સુધીની લાંચ લેવામાં આવતી હતી. આ લાંચમાં ટી.પી. શાખાના અધિક ઈજનેરથી માંડી ટાઉન પ્લાન ઓફિસર તેમજ હાઈરાઈઝના કિસ્સામાં મ્યુનિસિપલ કમિશનર માટે પણ પૈસાની રોકડી કરવામાં આવે છે જેનું નેટવર્ક આર્કિટેક્ટ થકી ચલાવવામાં આવે છે.

**પ્લાન મંજૂર કરાવવા માટે એટીપીઓથી માંડી મ્યુનિસિપલ કમિશનર સુધી પહોંચે છે વહીવટદારો, માનીતા આર્કિટેક્ટ અને ઈજનેરોના ગમે તેવા પ્લાન મંજૂર થતા**

૪૫૦૦૦ યુનિટ પૈકી સરેરાશ એકના ૮૦૦૦ રૂપિયા લાંચ ગણવામાં આવે તો એક જ વર્ષમાં ૩૬ કરોડ રૂપિયાની લાંચ લેવાતી હતી. પાંચ વર્ષમાં જ સાગઠિયા અને તેની ગેંગએ શહેરમાંથી ૧૮૦ કરોડ ફક્ત પ્લાન પાસ કરવાના ઉઘરાવી લીધા છે.


એસીબીના વડા શમશેરસિંઘને ટી.પી. શાખાના લાંચના આંકડા લઈને ખરેખર કાર્યવાહી કરવી હોય તો એસીબીના અધિકારીઓના ધાડેધાડા ઉતારવા પડે. ટી.પી. શાખાના દરેક અધિકારી, ક્લાર્કની અપ્રમાણસરની મિલકતો તેમજ તેની સાથે જોડાયેલા પ્રોજેક્ટની પણ વિગતો લેવી પડે. ત્યારબાદ લાંચનો આંકડો આવવાની સાથે લાંચ આપનારા બિલ્ડરો, નેતાઓના પણ નામ ખુલે. જો કે ત્યાં સુધી પહોંચવાની દાનત અને હિંમત એસીબીમાં હજુ દેખાઈ નથી. લિફ્ટ પેસેજના નામે બિલ્ડરોને આનંદ કરાવીગયા પટેલ, ૨૮ ફાઈલમાં ૨૨.૪૦ કરોડનું કૌભાંડ

ટીઆરપી અગ્નિકાંડમાં બેદરકારી બદલ આનંદ પટેલને રાજકોટના મ્યુનિસપલ કમિશનરના પદ પરથી હાંકી કાઢી નવરા કરી દેવાયા છે. આ કાંડમાં તેમની જવાબદારીની તપાસ તો થશે જ પણ ટી.પી.માં તેમણે કરેલી કામગીરીના કાંડ હવે ખુલ્યા છે. ટી.પી. એક્ટ મુજબ ૧૫ મીટર સુધીની બાંધકામ મંજૂરી એટીપીઓ, ૧૫થી ૨૫ની મંજૂરી ટીપીઓ જ્યારે ૨૫ મીટરથી ઊંચી હાઈરાઈઝમાં તમામ નિર્ણયની સત્તા મ્યુનિસિપલ કમિશનર પાસે હોય છે. આવી જ બિલ્ડિંગમાં સૌથી વધુ કૌભાંડ થાય છે. ખાસ કરીને લિફ્ટ પેસેજ અને દરેક માળે પાર્કિંગના નામે ખુબ જ ધુપ્પલ ચાલે છે. પૂર્વ કમિશનર અમિત અરોરાએ આ જ કારણે લિફ્ટ પેસેજ કે પાર્કિંગની એકપણ ફાઈલ ચલાવી ન હતી અને તટસ્થ રહીને કામ કર્યું હતું. તેમના કાર્યકાળમાં આવી એકપણ ફાઈલ લેવાઈ ન હતી તેમના બાદ ૨૫ એપ્રિલ ૨૦૨૩થી ચાર્જ સંભાળ્યો હતો અને તેના છ જ મહિનામાં આર્કિટેક અને બિલ્ડર લોબીએ લિફ્ટ પેસેજની ફાઈલ તૈયાર કરાવી હતી.

**આ પ્રમાણે લાંચ લેવાતી બાંધકામ પ્લાન મંજૂર કરવા કેટેગરી મુજબ થતું ઉઘરાણું**

| પ્લાન પ્રકાર | લાંચની રકમ |
|---|---|
| રેસિડેન્સિયલ પ્લાન | ૧૦૦૦ |
| વિવાદી રેસિ. પ્લાન | ૫૦૦૦ |
| વેચાણિયા રેસિ. પ્લાન | ૮૦૦૦ |
| લો રાઈઝ રેસિ. પ્લાન | ૫૦૦૦ |
| વિવાદી રેસિ. પ્લાન | ૧૫૦૦૦ |
| વેચાણિયા લો રાઈઝ | ૨૫૦૦૦ |
| લો. કોમર્શિયલ પ્લાન | ૫૦૦૦ |
| વિવાદી કોમ. પ્લાન | ૨૫૦૦૦ |
| વેચાણિયા કોમ. પ્લાન | ૩૦૦૦૦ |
| હાઈ રાઈઝ(પ્રતિ ચો. ફૂટ) | ૧૦૦૦ |

# રાજકોટમાં સેન્ટ્રલ જેલમાંથી દુષ્કર્મના કેસના આરોપીનો દીવાલ કૂદી ભાગવાનો પ્રયાસ



રાજકોટ.તા.૨૫

રાજકોટ સેન્ટ્રલ જેલમાં કાચાકામના કેદીનો જેલની દીવાલ કૂદી નાસી છુટવાના પ્રયાસ કર્યો હતો. આજીડેમ પોલીસ મથકના વિસ્તારમાં દુષ્કર્મના ગુનામાં જેલવાસમાં રહેતા કેદીએ બાથરૂમના પાઇપ વડે ચડતી વેળાએ નીચે પટકાતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સેન્ટ્રલ જેલમાંથી કાચાકામના કેદી રાહુલ ચંદભાઇ વાઘેલા (ઉ.વ.૨૪) બપોરે જેલ બેરેકની દીવાલ પરથી પટકાતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પ્ર.નગર પોલીસ મથકના જમાદાર કલ્પેશભાઇ ડાંગર સહિતે તપાસ કરતા રાહુલ આજીડેમ પોલીસ મથકના વિસ્તારમાં ૨૫ વારિયા કવાર્ટરમાં રહેતો હોવાનું અને પોલીસે તેની સામે તા.૧૧ના રોજ દુષ્કર્મની ફરિયાદ પરથી ગુનો નોંધી તેની તા.૧૩ના રોજ ધરપકડ કરી તપાસ બાદ તેને જેલ હવાલે કર્યો હોવાનુ બહાર આવ્યું હતું.

પોલીસની વધુ તપાસમાં જેલવાસમાં ગમતું નહીં હોય રવિવારે બેરેકમાંથી બહાર આવી પાઇપ વડે ચડીને નાસી જવાનો પ્રયાસ કરતા ગાર્ડનું ધ્યાન પડી જતા દેકારો કરતા ઝડપથી ચડવા જતા નીચે પટકાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે તેની વધુ પૂછતાછ હાથ ધરી હતી.

# રાજકોટના ૧૦ ગામના ૧૭ મંદિરમાં ચોરી કરનાર મયુર ગોંઢા અંતે ઝડપાયો

## માલિયાસણ મંદિરમાં ચોરી કરવા ગયો અને કુવાડવા રોડ પોલીસે દબોચી લીધો રૂ.૪૩૮૮૦નો મુદ્દામાલ જપ્ત

રાજકોટ. તા.૨૫

રાજકોટ શહેર અને આસપાસના ગામોના મંદિરને નિશાન બનાવી તેમાંથી છતરની ચોરી કરી નાસી છૂટતાં રાજકોટની ભગીરથ સોસાયટીમાં રહેતાં મયુર ગોંઢા નામના શખ્સને અંતે કુવાડવા રોડ પોલીસે માલિયાસણ ચોકડી પાસેથી ઝડપી રૂ.૪૩૮૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીએ બેડી, નવાગામ, ઢાંઢણી, સડક પીપળીયા, પારડી સહિતના ૧૦ ગામોના ૧૭ મંદિરને નિશાન બનાવી ચાંદીના છતર ચોરી કર્યાની કબુલાત આપી હતી.



પ્રાપ્ત વિગત મુજબ, થોડા સમયથી રાજકોટ અને આસપાસના ગામોમાં આવેલ માતાજીના મંદીર, મઢમાં ચોરી થતાં સેવકો અને લોકોમાં રોષ ફેલાયો હતો અને પોલીસ મથકે દોડી જઈ ફરીયાદ નોંધાવી હતી. જેમાં બેડી ગામમાં આવેલ બે મુખ વાળા મેલડી માતાજીના મંદિરમાંથી ચાંદીના છતર નં.૬, રૂ.૧૬૭૪૦ અને એક મોબાઈલ ફોનનો ચોરી તેમજ બેડી ગામમાં જ આવેલ મોમઈ માતાજીના મઢમાંથી ચાંદીનું મોટુ છતર રૂ.૧૬૭૪૦ તેમજ નવાગામ સ્મશાનની બાજુમાં આવેલ ખોડિયાર માતાજીના મંદિરમાંથી ચાંદીના નાના મોટા છતર નં.૪ રૂ.૫૪૦૦ અને ઢાંઢણી ગામમાં આવેલ મોગલ માતાજીના મંદિરમાંથી ત્રણ ચાંદીના છતરની ચોરી થયાની ફરીયાદ નોંધાઈ હતી. અલગ અલગ મંદિરમાં થયેલ ચોરીના બનાવના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં હતાં. જેમાં એક શખ્સ ચોરી કરી નાસી છૂટતાં જોવા મળ્યો હતો. જે મામલે કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ વિ.આર.રાઠોડની રાહબરીમાં પીએસઆઈ એમ.જે.વરૂ અને ટીમે સીસીટીવી કુટેજના આધારે તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમિયાન એએસઆઈ મોહિત કુંભારવાડિયા, હેડ કોન્સ્ટેબલ અરવિંદ મકવાણા અને કોન્સ્ટેબલ જયદીપ ધોળકિયાને મળેલ ચોક્કસ બાતમીના આધારે જામનગર બાયપાસ રોડ પર મલિયાસણ ચોકડી પાસેથી તસ્કર મયુર શાંતિલાલ ગોંઢા (રહે. ભગીરથ સોસાયટી-૪, સંતકબીર રોડ) ને દબોચી લઈ રૂ. ૪૩૮૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટમાં આજી, ન્યારી સહિત સૌરાષ્ટ્રનાં ૬-ડેમોમાં નવા નીરનાં શ્રીગણેશ થયા

## ન્યારી–૨ માં પોણો ફૂટ અને આજી–૧ તથા ફોફળમાં ૦.૧૦ ફૂટ નવુ પાણી આવ્યું



રાજકોટ તા.૨૪

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હવે ચોમાસું સક્રિય બન્યું છે અને ગઈકાલે સર્વત્ર સામાન્યથી માંડી ધોધમાર વરસાદ પડયો છે.જેના પગલે ચાલુ ચોમાસું સીઝનમાં સૌ પ્રથમવાર રાજકોટનાં ત્રણ સહિત સૌરાષ્ટ્રનાં ૬ ડેમોમાં સૌ પ્રથમવાર નવા નિરના શ્રીગણેશ થવા પામ્યા છે. આ અંગેની રાજકોટ સિંચાઈ વિભાગનાં ફલડ સેલમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ છેલ્લા ૨૪ કલાક દરમ્યાન એટલે કે આજે સવારે ૮ વાગ્યા સુધીમાં રાજકોટ જીલ્લાનાં ફોફળ ડેમમાં ૦.૧૦ ફૂટ તથા રાજકોટ શહેરનાં આજી-૧ ડેમમાં ૦.૧૦ ફૂટ અને ન્યારી ડેમમાં પોણો ફૂટ નવા નીરની આવક થઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી સૌની યોજનાના કારણે ૪૮.૪૩ ટકા સુધી ભરેલા આજી-૧ ડેમમાં ચાલૂ વરસાદની સીઝનનું સૌ પ્રથમવાર ૦.૧૦ ફૂટ પાણી આવતા ડેમની સપાટી હાલમાં ૨૦.૮૦ ફૂટે પહોંચી ગઈ છે.

આ ઉપરાંત ન્યારી-૨ ડેમમાં પણ પોણો ફૂટ નવુ પાણી આવતા ડેમની સપાટી ૮.૫૦ ફૂટે પહોંચી છે. નોંધનીય બાબત એ છે કે રાજકોટ જીલ્લાનાં ૨૭ ડેમોમાં આજની સ્થિતિએ સરેરાશ ૧૪.૫૫ ટકા નિરનો સંગ્રહ છે.

આ ઉપરાંત આજરોજ સવાર સુધીમાં મોરબી જીલ્લાનાં મચ્છુ-૨ ડેમમાં પોણો ફૂટ નવુ પાણી આવતા ડેમની સપાટી ૮.૧૦ ફૂટે પહોંચી છે. જામનગર જીલ્લાનાં ૨૧ પૈકી એકપણ ડેમમાં નવા નીર આવેલ નથી. તેમજ દ્વારકા જીલ્લાના પણ એક ડઝન પૈકી એકપણ ડેમમાં નવા નીર આવેલ નથી. આ ઉપરાંત સુરેન્દ્રનગર જીલ્લાનાં ધોળીધજામાં ૦.૨૦ ફૂટ અને લીંબડી ભોગાવો-૨ (વડોદ)માં પણ ૦.૧૬ ફૂટ નવા નીરની આવક થવા પામી છે.

# પરિણીતાનો આક્ષેપ પતિ, નણંદ, સાસુએ મારમારી ફીનાઈલ પીવડાવી દીધું

## રૈયાગામ વિસ્તારનો બનાવ, પુષ્પાબેન સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ પોલીસ તપાસ હાથ ધરી



રાજકોટ,તા.૨૫

રૈયાગામમાં રહેતી પરિણીતાને તેના પતિ, નણંદ અને સાસુએ માર મારી ફિનાઈલ પીવડાવી દીધું હોવાનું પરિણિતાએ આક્ષેપ કર્યો હતો. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સીટી પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ રૈયાગામમાં રહેતાં પુષ્પાબેન નિલેશભાઈ મણવર (ઉ.વ.૩૬) ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘરે હતી. ત્યારે રાત્રીના દસેક વાગ્યાની આસપાસ તેમનાં પતિ નિલેશભાઈ, નણંદ મીનાબેન અને સાસુ અંજૂબેને ઝઘડો કરી ફિનાઈલ પીવડાવી દેતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

આ અંગે પુષ્પાબેને આક્ષેપ કરતાં જણાવ્યું કે પતિ નિલેશભાઈ અનેક વાર ઝઘડો કર્યો છે. ગઈ કાલે નીલેશે હપ્તો ભરવા પૈસા માંગ્યા હતા. જે બાબતે માથાકુટ થઈ હતી. બાદ તેમનાં પતિ, નણંદ અને સાસુએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર મારી ત્રણેયે પુષ્પાબેને ફિનાઈલ પીવડાવી દીધું હોવાનું મહિલાએ જણાવ્યું હતું. બાદ તેણીને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ત્રિવેણી સ્મશાન ખાતે અનેક અસુવિધાને તાત્કાલીક પુર્ણ કરવા જાગૃત નાગરિકએ રૂબરૂ લેખિત રજૂઆત કરવામાં આવી



કલેકટર ને આવેદન આપતા આવેદનમાં સ્મશાન ઘાટમાં એક ભઠ્ઠી સંપૂર્ણપણે બંધ પડેલ હોય તુરંત ભઠ્ઠી કાર્યરત કરાવવા સંબંધિત, તેમજ સ્મશાન ઘાટમાં અસ્થિ પધરાવવા માટે એક મોટો ઘાટ બનાવેલો છે તે સંપૂર્ણપણે ભરાઈ ગયેલ હોય, તેમાંથી કાપ કાઢવા અને તેની સફાઈ કરવાની અત્યંત આવશ્યકતા હોય તેમજ સ્મશાન ઘાટ ખાતે આગળના ભાગમાં છાપરા, લાઈટ, પેખા તેમજ બાથરૂમ, યુરિનલની સુવિધા ન હોય. અમારી આ લેખિત અરજીથી સુવિધા કરાવવા વેરાવળ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓને સૂચના આપવા હુકમ કરવા અરજી કરી હતી.

# તણસવામાં કોલેરાથી ચાર બાળકોના થયેલા મોતના મામલે તપાસ કમિટી રચતા કલેકટર

## ધોરાજી પ્રાંત, જિલ્લા આરોગ્ય અધિકારી, સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીક તથા જીપીસીબીના મેમ્બરનો સમાવેશ ત્રણ દિવસના રિપોર્ટ આપવા આદેશ

રાજકોટ,તા.૨૫

ઉપલેટા નજીકના તણસવામાં કોલેરાથી ચાર બાળકોના થયેલા મોતના મામલે જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ તાબડતોબ તપાસ કમિટીની રચના કરી ત્રણ દિવસમાં રીપોર્ટ આપવા માટે આ કમિટીને આદેશ આપી દીધો છે.

આ પ્રકરણમાં કલેકટર પ્રભવ જોશી દ્વારા ધોરાજીના પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને તપાસ કમિટીની રચના કરી છે. જેમાં સભ્ય સચિવ તરીકે જીલ્લા આરોગ્ય અધિકારી, ઉપરાંત સભ્ય તરીકે નિલેશ પીઠડીયા, પી.એમ. બુચ (સિવિલ પિડિયાટ્રીક) તથા જીપીસીબીના પી.એમ. પરમાર, તથા ઈન્ડસ્ટ્રીયલ સેફટી ઓફીસર



પી.બી. પંચાસરાનો સમાવેશ કરવામાં આવેલ છે.

તણસવામાં બે કારખાનાઓમાં કામ કરતા શ્રમિકોના સાત બાળકોને ઝાડા-ઉલ્ટી થતા તેઓને સારવાર અર્થે તાબડતોબ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતા. જેમાં ચાર બાળકોના મોત થતા જીલ્લાભરમાં ખળભળાટ મચી જવા પામેલ હતો. આ પ્રકરણમાં આ ચારેય બાળકોના મોત કોલેરાથી થયાનો તપાસ રીપોર્ટ આવતા કલેકટર પ્રભવ જોશી દ્વારા તાબડતોબ પ્રતિબંધાત્મક આદેશો આપવામાં આવેલ હતા.

આ ઉપરાંત આ ઘટનાના પગલે જીલ્લા કલેકટર પ્રભવ જોશી તેમજ જીલ્લા આરોગ્ય અધિકારીઓ સહિતના અધિકારીઓની ટીમે તણસવા ખાતે દોડી જઈ સ્થળ તપાસ કરી હતી. જે બાદ કલેકટર દ્વારા આ પ્રકરણમાં પાંચ સદસ્યોની તપાસ કમિટીની રચના કરી ત્રણ દિવસમાં રીપોર્ટ આપવા માટે આદેશ આપી દીધો છે.

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટઃ અમદાવાદ શહેરમાં મોડી રાતે ગાજવીજ સાથે ભારે વરસાદ

- **દ્વારકા, જામનગર અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી**

અમદાવાદ, તા. ૨૫ઃ અમદાવાદ શહેરમાં મોડી રાતે ગાજવીજ સાથે ભારે વરસાદ પડ્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વિવિધ વિસ્તારોમાં વરસાદ પડ્યો છે. ન્યુ રાણીપ, ગોતા, જગતપુર, રાણીપ, વૈષ્ણવદેવી, એસજી હાઇવે વગેરે વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો છે. મેઘાણીનગર, શાહીબાગ, સિવિલ હોસ્પિટલ, કુબેરનગર, નરોડા સહિતના વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે.

નિકોલ, નરોડા, બાપુનગર, સીટીએમ, ગોતા, વાડજ, રાણીપમાં ગાજવીજ અને પવન સાથે વરસાદ. શહેરના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતા અનેક સ્થળે પાણી ભરાયાં હતાં. ભારે વરસાદના પગલે રોડ પર પાણી ભરાઈ ગયા હતા. ૩૦ મિનિટમાં વરસાદના પગલે રોડ આખા



પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

હવામાન વિભાગ દ્વારા ૨૫ જૂનના રોજ રાત્રે ૧ વાગ્યાના જાહેર કરાયેલા બુલેટિન અનુસાર આગામી ૩ કલાક મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. આ સાથે ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, મહિસાગર, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, પંચમહાલ, ખેડામાં રાત્રિ દરમિયાન ૩-૪ કલાક સુધી ધોધમાર વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા રાત્રે ૧ વાગ્યે બહાર પડાયેલા બુલેટિનમાં કરવામાં આવી છે.

ગુજરાત રાજ્યના આણંદ, સુરેન્દ્રનગર, ભાવનગર, છોટા ઉદેપુર, વડોદરા, નર્મદા, સુરત, નવસારી જિલ્લામાં પણ રાત્રિ દરમિયાન આગામી ૩ કલાકમાં મધ્યમથી ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

આ વર્ષે ચોમાસું ગુજરાતમાં પ્રવેશ્યા બાદ નવસારીમાં અટવાઈ ગયું હતું, જે હવે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. એને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસુ અસલી રંગમાં જોવા મળી રહ્યું છે.

આજે વહેલી સવારથી જ રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્રના દ્વારકા, જામનગર અને દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ આપ્યું છે. આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૧૦૪ તાલુકામાં વરસાદે હાજરી પુરાવી હતી. તો સાંજે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધી રાજ્યના ૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો.

જામનગરના કાલાવડ તાલુકામાં ધોધમાર વરસાદના પગલે મૂળીલા પાસે પુલમાં ગાબડું પડતાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. બરવાળાના ચોકડી ગામે વીજળી પડતાં એક યુવાનનું મોત થયું હતું.

# પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં ૯ વર્ષ પૂરાઃ ૮.૫૨ લાખ આવાસોનું નિર્માણ કરાયુ

ગાંધીનગર, તા.૨૪ઃ દેશના શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારોમાં વસતા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને પોસાય તેવી કિંમતોએ પાકાં મકાનો ઉપલબ્ધ કરાવવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ કર્યો હતો. છેલ્લાં ૯ વર્ષોમાં આ યોજના હેઠળ દેશના લાખો પરિવારોને પોતાના સપનાનું ઘર મળ્યું છે, જેનાથી તેમનું જીવનધોરણ પણ ઊંચું આવ્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગુજરાત રાજ્યમાં પણ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે, અને દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત તેના અમલીકરણમાં અગ્રેસર છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ કુલ ૮.૫૨ લાખ આવાસોનું નિર્માણકાર્ય પૂરું કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત દેશની આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર 'વિકસિત ભારત ૨૦૪૭' નો સંકલ્પ આપ્યો છે, જેમાં દેશમાં તમામ પાસે પાકું ઘર



હશે. વિકસિત ભારતના આ સંકલ્પને સાકાર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવવાના ઉદ્દેશ સાથે ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાત ૨૦૪૭'નો રોડમેપ તૈયાર કરી લીધો છે. રાજ્યમાં તમામ લોકોને પોતાના સપનાનું ઘર મળે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધતાથી કાર્યરત છે.

જૂન ૨૦૧૫માં જાહેર થયા બાદ, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાત રાજ્ય માટે અંદાજિત માંગ મુજબ ૭.૬૪ લાખ આવાસોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો, જેની સામે આજ દિન સુધીમાં કુલ ૯.૭૮ લાખ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. આ મંજૂર થયેલ આવાસોમાંથી ૮.૫૫ લાખ જેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૧ લાખથી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે રૂ.૭૦૬ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૨૪-૨૫ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત ૬૫,૦૦૦થી વધુ આવાસોનું બાંધકામ પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે માટે રૂ.૩૨૬.૯૩ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે.

# વોર્ડ નં.૧૩ના ખોડીયારપરા વિસ્તારમાં કચરાના ઢગ યથાવત : અનેક વખત રજુઆત છતાં કોઇ યોગ્ય ઉકેલ નહીં



## છેલ્લા ઘણા સમયથી પડી રહેલ કચરાના ઢગની સમસ્યા અંગે રજુઆત કરતા 'થઇ જશે..' માત્ર જવાબ : પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરની ફરિયાદ

રાજકોટ, તા. ૨૫ઃ ગઇકાલથી જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. પહેલા વરસાદમાં જ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા તેમજ પાણીના ભરાવાને કારણે લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. પહેલા વરસાદમાં જ તંત્રની પ્રિમોન્સુનની કામગીરીની પોલ ખુલ્લી પડી હતી અને તેના અનેક દ્રશ્યો સામે આવ્યા હતા ત્યારે શહેરના વોર્ડ નં.૧૩ના ખોડીયારપરા વિસ્તારમાં છેલ્લા કેટલાય સમયથી કચરાના ઢગ યથાવત પડયા હોવાની તસ્વીર પણ સામે આવે છે.

કચરાની આ સમસ્યા અંગે વોર્ડ નં.૧૩ના પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરે 'સાંજ સમાચાર' સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે વોર્ડ નં. ૧૩માં આવેલ ખોડીયારપરા વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કચરાની મોટી સમસ્યા યથાવત છે. મ્યુનિ. કોર્પોરેશનમાં રજુઆત અનેક વખત મારા દ્વારા કરવામાં આવી છે.

રજુઆત કરી હોવા છતાં કોઇ પણ પ્રકારની યોગ્ય કામગીરી કરી કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો નથી. આ પહેલા પણ વોર્ડ નં.૧૩માંથી કચરાની પેટીઓ ઉપાડી લેવા માટે રજુઆત કરવામાં આવી હતી. ત્યારે કચરાપેટી તો તે જગ્યા પરથી હટાવી દેવામાં આવી છે. પરંતુ હાલ ત્યાં કચરાનો ઢગ યથાવત જોવા મળી રહ્યા છે. વોર્ડ નં.૧૩માં આવતા સફાઇ કામદારો દ્વારા માત્ર મુખ્ય સ્થળો પર જ સફાઇ કરવામાં આવે છે. સ્લમ વિસ્તારમાં કે બીજા પછાત વિસ્તારોમાં સફાઇ કરવામાં આવતી નથી. આ સ્થિતિને પરિણામે કોર્પોરેશનમાં રજુઆત અનેક વખત કરવા છતાં માત્ર 'થઇ જશે..' તેવા જવાબો મળે છે. આમ, સફાઇ કામદારોની અનિયમિતતાને પરિણામે વોર્ડ નં.૧૩ના ખોડીયારપરા વિસ્તારમાં કચરાના ઢગ જેમ છે તેમ જ હાલમાં જોવા મળે છે.

# સૌરાષ્ટ્ર-કચ્છમાં સાર્વત્રિક વરસાદનો પ્રથમ રાઉન્ડઃ લોકહૈયા મલકાયા

- **જુનાગઢ, અમરેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, કચ્છ, મોરબી, બોટાદ સહિત તમામ જીલ્લાઓમાં સામાન્યથી સાડા ત્રણ ઇંચ વરસાદ**

રાજકોટ, તા.૨૫ઃ ઘણા દિવસોની પ્રતિક્ષા બાદ છેવટે સૌરાષ્ટ્ર-કચ્છમાં મેઘસવારી આવી પહોંચી હતી. સાર્વત્રિક વરસાદનો પ્રથમ રાઉન્ડ હોય તેમ મોટાભાગના જીલ્લાઓમાં હળવો-મધ્યમ વરસાદ નોંધાતા ખેડુતો સહિતના લોકોના હૈયા મલકી ઉઠયા હતા. રાજયના અર્ધા કરતા વધુ ભાગો-૧૩૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. પ્રથમ વરસાદ જ જીવલેણ બન્યો હોય તેમ અમરેલી જીલ્લામાં ત્રણ તથા રાજકોટના ધોરાજીમાં એક વ્યક્તિનું મોત નિપજયું હતું.

લાંબા વખત સુધી ભીષણ ગરમી-હીટવેવનો સામનો કરતા સૌરાષ્ટ્ર-કચ્છમાં છેવટે રવિવારથી મેઘરાજાએ એન્ટ્રી લીધી હતી. સાર્વત્રિક વરસાદનો માહોલ બંધાવા સાથે મેઘસવારી શરૂ થઈ હતી. જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, જામનગર, બોટાદ, ભાવનગર, રાજકોટ, અમરેલી, મોરબી તથા કચ્છ સહિત તમામ જીલ્લાઓમાં મેઘરાજાની પધરામણી થવા સાથે હળવો ભારે વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત દક્ષિણ અને મધ્ય



ગુજરાતમાં પણ વરસાદ થયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાક દરમ્યાન રાજયના ૧૩૦ તાલુકાઓમાં સામાન્ય ઝાપટાથી માંડીને સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ ૮૮ મી.મી. (સાડા ત્રણ ઈંચ) વરસાદ જુનાગઢ જીલ્લાના મેંદરડામાં નોંધાયો હતો. દેવભૂમિ દ્વારકાના ખંભાળીયામાં ત્રણ ઈંચ, ગીર સોમનાથના તલાલામાં અઢી ઈંચ, જુનાગઢ શહેર તથા જીલ્લા ઉપરાંત વંથલીમાં સવા બે ઈંચ, જામનગરના કાલાવાડમાં સવા બે ઈંચ, બોટાદ, વિસાવદર, પાલીતાણા, લોધીકામાં બે-બે ઈંચ વરસાદ હતો. સાવરકુંડલા, ટંકારા, માળીયા હાટીના, પડધરી, ચુડા, કોટડાસાંગાણી, લાઠી, રાજકોટ, કેશોદ, જામજોધપુર, ધારી, જામનગર, ગારીયાધાર, સાયલા, કોડીનાર, મહુવા સહિતના તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. આ સિવાય ગુજરાતના ભરૂચ, છોટા ઉદેપુર, સુરત, વલસાડ, તાપી, નવસારી, વડોદરા સહિતના જીલ્લાઓમાં વરસાદ હતો. આજે સવારથી અમદાવાદમાં પણ વરસાદની એન્ટ્રી થઈ હતી.

અઠવાડિયા કરતા વધુ સમયથી ચોમાસાનો પ્રવેશ થઈ જવા છતા પછી અટકી ગયેલુ ચોમાસુ ફરી સક્રીય થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ચાલુ સપ્તાહમાં વરસાદનો દોર જારી રહેવાની આગાહી કરવામાં આવી છે. રાજકોટ જીલ્લામાં વરસાદે પ્રથમ ભોગ લીધો હોય તેમ ધોરાજી પંથકમાં પાણીના પ્રવાહમાં તણાઈ જતા યુવકનું મોત નિપજયુ હતું.

# રાજકોટમાં દારૂબંધીના લીરેલીરા ઉડયા..

## થોરાળામાં ઓપન બારઃ દારૂનું ધુમ વેચાણઃ વીડિયો વાયરલઃ પોલીસ દોડતી થઈ ગઈ





### ■ દેશી દારૂ, સોડા, વેફર્સ, મમરાની વ્યવસ્થા સાથે ગટાગટ પોટલી પીતા લોકો વીડિયોમાં દેખાયા

રાજકોટ તા.૨૫ઃ શહેરમાં દિવસ અને રાત ક્રાઈમના અલગ અલગ બનાવો સામે આવતા રહે છે. મુખ્યત્વે નશાની હાલતમાં ક્રાઈમ થતા હોય છે જોકે ગુજરાતમાં દારૂબંધી છે છતા બેફામ દારૂનું વેંચાણ થાય છે તે કોઈ નવી વાત નથી. રાજકોટમાં આવેલા દેશી દારૂના હબ ગણાતા થોરાળા વિસ્તારમાં શરાબનું ઓપનબાર ધમધમતું હોય, તેવો એક વીડિયો વાયરલ થયો છે. જેને પગલે સ્થાનિક પોલીસ દોડતી થઈ ગઈ છે.

આ અંગે મળતી વિગત મુજબ તાજેતરમાં સોશ્યલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે. જેમાં કોઈ મકાન પાછળના ખુલ્લાવાડા કે વંડામાં રાત્રીના સમયે પણ અસંખ્ય યુવાનો ઉભા છે અને કેટલાક ટોળામાં કુંડાળું વળી બેઠા છે. કેટલાકના હાથમાં કોથળીયું જોવા મળે છે. કોઈ સેવ-મમરા, સીંગ વગેરે હાથમાં લઈ ખાઈ રહ્યા છે, એકાદ પાસે સોડા બોટલ પણ છે, તો કેટલાક ગ્લાસમાં પ્રવાહી ઠાલવી પી રહ્યા છે. કેટલાક સીધી જ પોટલી મોઢે લગાવી પી રહ્યા છે. વાયરલ વીડિયો અંગે હજુ સુધી પુષ્ટી નથી થઈ કે કયાં વિસ્તાર કે કયાં સ્થળનો છે. જોકે, સોશ્યલ મીડિયા પર દાવો થઈ રહ્યો છે કે, આ વીડિયો થોરાળા વિસ્તારનો છે અને ઓપન બારમાં બેફામ દારૂ વેચાઈ રહ્યો છે.

અત્રે નોંધવું રહ્યું કે તાજેતરમાં જ સ્ટેટ મોનિટરીંગ સેલે થોરાળા વિસ્તારના ગંજીવાડામાં દરોડો પાડી બેરોકટોક ચાલતી વર્લી આંકડાની મોટી જુગાર કલબ ઝડપી લીધી હતી. એસએમસીએ અગાઉ પણ એ જ સ્થળે દરોડો પાડેલો. તેથી સ્થાનિક થોરાળા પોલીસ પહેલાથી જ સવાલોના ઘેરા વચ્ચે છે, ત્યારે આ વીડિયો વાયરલ થતા પોલીસ ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ છે.

### ક્રિકેટ સાથે–સાથે હોકીમાં પણ રાજકોટનો દબદબો

## સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સામે સેમિફાઈનલમાં રાજકોટની ટીમની ૨-૧થી જીત



રાજકોટઃ ક્રિકેટ સાથે-સાથે હોકીમાં પણ રાજકોટનો દબદબો સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત સામે સેમિફાઈનલમાં રાજકોટની ટીમની ૨-૧થી જીત મેળવી હતી હવે પછી દેવગઢ બારીયા સામે ફાઇનલ મેચ યોજાશે. રાજકોટની ટિમ : દેવર્ષિ રાચ્છ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેમંત ડેર, રવિ વાસદેવાણી, હરદેવસિંહ જાડેજા, પુષ્પરાજસિંહ જાડેજા, ભગીરથસિંહ ખેર, સંજય પરમાર, રમેશ સતીયા, મોહિત જમોડ, શૈલ કટિયાર, અમિત સેટાણીયા, જયેશ સોલંકી, ધર્મેશ મીરનો સમાવેશ થાય છે.

## શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે કટોકટી દિવસ અંગે ભરતભાઈ બારોટ દ્વારા વકતવ્યનો કાર્યક્રમ યોજાશે

રાજકોટ, તા.૨૫ઃ દેશની રાજનીતિમાં તા. ૨૫ જૂન, ૧૯૭૫ એ કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ લોકશાહી તંત્રને ભારત દેશમાં જીવંત રાખવાનું કામ કાર્ય કરે છે. કટોકટી નાખીને કોંગ્રેસ સરમુખત્યારશાહી કરીને તેના નેતાઓ લોકશાહીને ખતમ કરી રાજ કરવામાં માંગતા હતા.

આ કટોકટીને ધ્યાનમાં લઈ આવતીકાલ તા. ૨૫ જૂન કટોકટી દિવસની ઉજવણી કરવાનો દિવસ હોય ભાજપ પક્ષ રાજકોટના દરેક વોર્ડમાં પોસ્ટરો સહિતની માહિતી પ્રદર્શની તરીકે દર્શાવી અને કોંગ્રેસ દ્વારા કરેલ કૃત્યની વાત જનમાનસ સુધી પહોંચે તેવા પ્રયત્ન કરવામાં આવશે અને કોંગ્રેસે કરેલા અત્યાચારોને ઉજાગર કરવામાં આવશે. તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ શહેરના તમામ મીસાવાસીઓનું સન્માન ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવશે. કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ મહાનગર શહેર ભાજપ કમલમ ખાતે સાંજે ૬ કલાકે વરિષ્ટ આગેવાન અને પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટનું વકતવ્ય યોજાશે.

# ડેંગ્યુનો વધુ ૧ કેસ : સિઝનલ રોગચાળાના નવા ૧૧૮૮ દર્દી

■ શરદી-ઉધરસ અને ઝાડા-ઉલ્ટીના કેસમાં ચોમાસા પૂર્વે વધારો : ટાઈફોઈડનો પણ એક કેસ : ૪૪૮ આસામીઓને નોટીસ



રાજકોટ, તા. ૨૫: રાજકોટ શહેરમાં થોડા વિલંબ બાદ ગઈકાલે ચોમાસાનો પહેલો વરસાદ શરૂ થઇ ગયો છે. આટલી કાળઝાળ ગરમી છતાં મચ્છરજન્ય રોગચાળો આ ઉનાળામાં દુર થયો ન હોય તેમ ડેંગ્યુનો વધુ એક નોંધાયો હતો. જયારે સિઝનલ રોગચાળાના પણ ૧૧૮૮ જેટલા કેસ ચોપડે ચડયા છે.

મનપાની આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.૧૭થી ૨૩-૬ દરમ્યાન શરદી-ઉધરસના ૬૪૪ કેસ નોંધાયા છે. સામાન્ય તાવના ૩૪૪ અને ખોરાકજન્ય તથા પાણીજન્ય એવા ઝાડા-ઉલ્ટીના ૧૯૯ દર્દીઓ ચોપડે ચડયા છે. આ સિવાય ટાઇફોઇડનો વધુ એક કેસ નોંધાયો છે. આ રીતે અઠવાડિયામાં સિઝનલ રોગચાળાના ૧૧૮૮ દર્દી નોંધાતા ઉનાળામાં ખોરાક અને પાણીજન્ય તથા મચ્છરજન્ય રોગચાળો પણ યથાવત રહ્યો છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મનપા દ્વારા વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૭ થી ૨૩ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિતની ૩૨૦ ટીમો દ્વારા ૩૮૦૮૮ ઘરોમાં પોરાનાશક અને ફિલ્ડવર્કરો દ્વારા ૨૮૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વ્હિકલ માઉન્ટેન ફોગીંગ મશીન દ્વારા ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો બદલ બાયલોઝ અંતર્ગત નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૫૭ મિલ્કતોમાં તપાસ કરીને રહેણાંકમાં ૨૩૯ અને કોમર્શિયલ ૨૦૯ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

## રાજકોટ બંધને વકીલોનો ટેકો બાર એસોસીએશને ઠરાવ કર્યો

રાજકોટ તા.૨૪: આવતીકાલે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના બનાવમાં રાજકોટ બંધનું એલાન છે ત્યારે કાલે રાજકોટના વકીલો પણ બંધ પાડશે અને મૃતકોને શ્રદ્ધાંજલી પાઠવશે, ઉપરાંત આ બંધના કારણે તપાસ કેસ જે-તે સ્ટેજે જાળવી રાખવા ડીસ્ટ્રીકટ જજને વિનંતી કરાઈ છે. આ અંગે જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં તા.૨૫ મે ના રોજ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા બાળકો સહિત ૨૭ લોકોના મોત થયા હતા. આવતીકાલે ૨૫ જુનના રોજ આ ઘટનાને એક મહિનો પૂર્ણ થઈ રહ્યો છે.

ત્યારે રાજકોટ બાર એસો.ના સેક્રેટરી પી.સી.વ્યાસે જણાવ્યું કે, હતભાગીઓની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિતે શ્રદ્ધાંજલી આપવાની ભાવનાથી રાજકોટ બાર એસો.ના વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેશે અને મૃતકોને શ્રદ્ધાસુમન અર્પણ કરશે. આ અંગે બાર એસો.એ એક ઠરાવ કર્યો છે. ઠરાવમાં જણાવ્યું છે કે, અગ્નિકાંડની કરૂણ દુર્ઘટનાને એક માસ પુર્ણ થાય છે. અગ્નિકાંડમાં ભોગ બનનાર તમામને શ્રદ્ધાંજલી અર્પણ કરવાના ભાગરૂપે રાજકોટ બંધનુ એલાન હોય તે સંજોગોમાં રાજકોટ શહેર તેમજ બહારગામથી આવતા પક્ષકારોને હેરાનગતી કે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે રાજકોટ બાર એસોસીએશનના તમામ સભ્યો દ્વારા તારીખ ૨૫/૬/૨૦૨૪ના રોજ અર્જન્ટ મેટર સિવાયની મેટરમાં પ્રિન્સીપાલ ડક્ષસ્ટ્રીકટ જજ ને તથા તમામ ન્યાયાધીશને વિનંતી કરવામાં આવે છે કે તારીખ ૨૫/૬/૨૪ કોઈપણ વકીલની ગેરહાજરીમાં કોઈપણ કેસમાં વોરંટ કે હકક બંધ કરવાની કાર્યવાહીને મોકુફ રાખીને તમામ લાગતા વળગતા કેસમાં પ્રોસીડીંગ્સ એ જ પ્રકારે યથાવત રાખવા રાજકોટ બાર એસોસીએશન વિનંતી કરે છે.

---

# ન્યુડકોલ કરી તમારા નામનું ધરપકડ વોરન્ટ નીકળી ગયેલ છે કહી રૂા.84 હજારનો ફ્રોડ


## ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે રૂા.95700 અને મિશોમાંથી મંગાવેલ ગાદલા ઓછા આવતા રિફંડ અપાવવાના બહાને રૂા.85 હજારની સાયબર છેતરપીંડી સાયબર ક્રાઈમે ગઠીયાઓના એકાઉન્ટ ફ્રીઝ કરી રૂા.1.59 લાખ અરજદારોને પરત કરાવ્યા

રાજકોટ તા.૨૫

સાયબર ગઠીયાઓ યેનકેન પ્રકારે ઓનલાઈન લોભામણી સ્કીમો આપી લોકો સાથે સાયબર ફ્રોડ આચરતા હોય છે ત્યારે ન્યુડકોલના નામે રૂા.૮૪૦૦૦ ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટના નામે રૂા.૯૫૭૦૦ અને રિફંડ અપાવવાના બહાને રૂા.૮૫૦૦૦ની સાયબર છેતરપીંડી સાયબર ક્રાઈમમાં નોંધાતા પોલીસે સાયબર ગઠીયાઓના એકાઉન્ટ સીઝ કરી રૂા.૧.૫૯ લાખ અરજદારોને પરત કરાવ્યા હતા.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાએ શહેરીજનો સાથે નાણાકીય ફ્રોડ ન થાય તે બાબતે તકેદારી રાખવા આપેલ સૂચનાથી સાયબર ક્રાઈમ એસીપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ પીઆઈ એમ.એ.ઝણકાંત, આર.જી.પઢીયાર અને કે.જે.મકવાણા અને ટીમે તપાસ હાથ ધરી ત્રણ અરજદારોને સાયબર ફ્રોડમાં ગયેલ રકમમાંથી કુલ રૂા.૧.૫૯ લાખ પરત કરાવ્યા હતા.

જેમાં એક અરજદારે અરજીમાં જણાવ્યા મુજબ તેમના વોટસએપ પર કોઈ અજાણ્યા વોટસએપ પરથી ચેટ કરી બાદમાં ન્યુડકોલ કર્યો હતો તે બાદ ફોન કરી દિલ્હી પોલીસની ઓળખ આપી કહેલ કે તમારા વિરુદ્ધ ન્યુડ વિડીયો બાબતે ફરિયાદ કરવામાં આવી છે જેમાં તમારુ ધરપકડ વોરન્ટ નીકળી ગયેલ છે જેમાં આઠ વર્ષની સજા થશે. કેસ બંધ કરવા માટે રૂપિયા માંગતા ભયભીત થયેલા અરજદારે ગુગલ પે ના




માધ્યમથી રૂપિયા ૮૪૬૭૨ ટ્રાન્સફર કરેલ હતા જે અરજીના અનુસંધાને સાયબર ક્રાઈમની ટીમે તાત્કાલીક ફ્રોડ કરનાર શખ્સનું એકાઉન્ટ બ્લોક કરી રૂા.૪૫૧૭૨ પરત કરાવેલ હતા.

તેમજ અરજદાર અનુપમાબેન દિલીપભાઈ દોશી (ઉ.૬૮) જે ઓનલાઈન મિશોમાંથી બે ગાદલાના કવર મંગાવેલ હતા. જેમાં એક કવર જ મળતા તેઓએ કસ્ટમર કેરમાં ફરિયાદ કરી હતી. સામેથી પૈસા રીફંડ કરવાના બહાને વૃદ્ધાને એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ઓટીપી મેળવી રૂા.૮૫૦૦૦નું ફ્રોડ આચરેલ હતું. જેમાંથી સાયબર ટીમે રૂા.૮૫૦૦૦ પુરેપુરા પરત કરાવ્યા હતા તેમજ વધુ એક અરજદારના ઓનલાઈન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે રૂા.૯૫૭૦૦નું ફ્રોડ થતા સાયબર ક્રાઈમે તુરંત ફ્રોડ આચરનાર ગઠીયાનું એકાઉન્ટ ફ્રીઝ કરી રૂા.૨૯૮૦૦ પરત કરાવેલ હતા.

# પોણા બે ઈંચ વરસાદમાં જ પ્રિ-મોન્સુન કામગીરીનું ધોવાણ : ગોઠણડૂબ પાણી ભરાયા

## રવિવારે સાંજે અને આજે સવારે હળવો વરસાદ વરસવા છતાં લોકો હેરાન થયા

- **નાનામવા ચોકમાં તો નદી ભરાઈ ગઈ : સબ-વે પાસે બે કાર રોડ અંદર ઉતરી ગઈ**
- **કોઈ જગ્યાએ તંત્રની મદદ ન પહોંચી : બે જગ્યાએ વૃક્ષો પડયાની ફરિયાદ**



રાજકોટ, તા. ૨૫ઃ રાજકોટ શહેરમાં રવિવારે સાંજે અને આજે સવારે પડેલા પ્રથમ અને હળવા વરસાદમાં જ મહાપાલિકાની પ્રિમોન્સુન કામગીરીની પોલ ખુલી ગઈ છે. શનિ-રવિમાં શહેરમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. બે કટકે પડેલા આ સામાન્ય વરસાદમાં પણ અનેક વિસ્તારમાં જાણે પૂર આવ્યું હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. નાના મવા ચોક, કાલાવડ રોડ, ૧૫૦ ફુટ રોડ, રામાપીર ચોક, સાધુ વાસવાણી રોડ, રૈયા રોડ સહિતના વિસ્તારમાં પાણી ભરાતા અનેક વાહનો બંધ પડી ગયા હતા.

શહેરમાં આમ તો ગઈકાલ સાંજનો પ્રથમ વરસાદ વાતાવરણ ખુશ્નુમા કરી દે એવો હતો. પરંતુ ચાલુ વરસાદમાં ટુ વ્હીલર, ફોર વ્હીલરમાં રહેલા લોકોને રાજકોટમાં કેવી પ્રિમોન્સુન કામગીરી થઈ હશે તેવો સવાલ ઉઠી ગયો હતો. ૧૫૦ ફુટ રોડ પર સબ-વે રેસ્ટોરન્ટ પાસે બે મોટર કારના ટાયર રોડ અંદર ઉતરી ગયા હતા. અહીં અઠવાડિયા પહેલા જ મનપાએ ડ્રેનેજ લાઈનનું કામ કર્યુ હતું. અહીં ફિલીંગ અને પેવીંગ બ્લોકનો માલ વાહન સાથે રોડમાં ઘુસી ગયો હતો.

બીઆરટીએસ રૂટમાં ગોઠણ સુધીના પાણી ભરાઈ જતા બે ઈલેકટ્રીક બસ બંધ પડી ગઈ હતી. આ ટ્રેક પર ટાયર ડૂબી જાય એટલા પાણી હતા અને વરસાદ રહ્યા બાદ પણ મોડેથી પાણી ઓસર્યા હતા. અહીંથી મુસાફરોને ઉતારવા પડયા હતા અને લોકોને પાણીમાંથી બહાર નીકળવું પડયું હતું. કોઈ તંત્રવાહકો મદદે આવ્યા ન હતા.

રામાપીર ચોકમાં પણ દર વર્ષની જેમ ગોઠણડૂબ પાણી ભરાઈ ગયા હતા. ૧૫૦ ફુટ રોડના જુદા જુદા ટ્રાફિક સર્કલ ફરતેના ખુણે પાણીનો ભરાવો થયો હતો. આથી મનપા દ્વારા વોંકળાથી માંડી ગટરોમાં જે પ્રિમોન્સુન કામગીરી કરાતી હોય તે પરંતુ રસ્તા પર પાણી ભરાવાની સમસ્યા દુર થતી નથી. રાજકોટમાં ભારે વરસાદ પડે ત્યારે પાણી ભરાઈ અને ઓસરી જાય તેવો દાવો કરવામાં આવે છે. પરંતુ ઝાપટા જેવા વરસાદમાં પણ રાજકોટના અનેક રોડ પાણીમાં ડૂબી જાય છે તે માત્ર પોણા બે ઈંચ વરસાદમાં સાબિત થઈ ગયું છે.

# ‘આ કામ અમારામાં ન આવે’ : ચાલુ વરસાદમાં ખાડામાં ફસાયેલી કારના ચાલકને કોર્પોરેશન તંત્રનો ઉડાવ જવાબ

- **ભૂગર્ભ ગટરની કામગીરી બાદ પડેલા માટીના ઢગલામાં વાહનો ખૂંપી ગયા : મનપા તંત્રને ફોન કરતા જવાબદારીની ફેંકાફેંકી કરી**

રાજકોટ, તા.૨૪ઃ ગઈકાલથી રાજકોટમાં મેઘમેહર જોવા મળી હતી. તદ્‌પરાંત આજે સવારે પણ શહેરમાં વરસાદ ખાબક્યો હતો. શહેરમાં અસહ્ય બફારા બાદ વરસાદની એન્ટ્રી થતાં લોકોએ વરસાદની મોજા માણી હતી. પરંતુ મેઘરાજાના આગમનની સાથોસાથ તંત્રની પણ પોલ ખુલી ગઈ હતી. વરસાદ પડતાની સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરી છતી થઈ હતી. શહેરમાં એક ઈંચ વરસાદ પડતાં ઠેર ઠેર પાણી ભરાયા હતા તેમજ માટી બેસી જતાં અનેક વાહનો ફસાયા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

જેમાં શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે આવેલ અમૃત સાગર પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ સબ-વે કોફી સેન્ટરની બહાર પાર્ક થયેલ ૩ ગાડીઓ રસ્તામાં અંદર સરકી ગઈ હતી. કોફી સેન્ટર માલિકએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા મારા કોફી સેન્ટરની સામે ગટરનું કામ



ચાલી રહ્યું હતું. તે દરમ્યાન મ્યુ. કોર્પોરેશનને જાણ કરતા ગટરનું કમાં પૂર્ણ કરી માત્ર ધૂળ નાખીને નીકળી ગયા હતા. આથી ગઈકાલે પડેલ વરસાદને પરિણામે ત્યાં મોટો ખાડો પડી ગયો હતો.

મારા સહિત મારા કોફી સેન્ટરમાં આવેલ બીજા લોકોની એમ કુલ ૩ ગાડીઓ રસ્તામાં અંદર સરકી ગઈ હતી. ત્યાર બાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફરિયાદ વિભાગનો સંપર્ક કર્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, ’આ કામ અમારામાં ન આવે’ તેમ કહીને ઊડતો જવાબ આપ્યો હતો. તે ખાડામાં માત્ર કાર જ ફસાઈ હતી, તે કારમાં બીજું કોઈ વ્યક્તિ ન હતું. જો તે કારમાં કોઈ વ્યક્તિ હોત તો જાનહાનિ થઈ શકે તેમ હોત.

આથી અમે અમારા સ્વખર્ચે ટોઈંગવાન બોલાવી એક કારના ૧૫૦૦ રૂપિયા ભરીને કારને બહાર કઢાવી હતી. આ રીતે કોર્પોરેશનનો સંપર્ક કર્યો હોવા છતાં યોગ્ય જવાબ મળ્યો ન હતો અને ભૂગર્ભ ગટરની ચાલી રહેલી કામગીરીનું યોગ્ય નિરાકરણ ન થતાં કાર રસ્તામાં અંદર સરકી ગઈ હતી. હાલ આ ખાડાના રીપેરીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

શહેરમાં રવિવારથી મેઘ મંડાણ થયા છે. ત્યારે વહેલી સવારથી વરસાદી માહોલ જામ્યો છે. શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. મહુડી, ૧૫૦ ફૂટ રોડ, નાના મવા સર્કલ સહિતના વિસ્તારોમાં પાણી ભરાયા છે. ત્યારે વરસાદની સિઝન શરૂ થતા જ મનપાની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પોલીસ હેડક્વાર્ટરમાં બનેલ લાખાણી સરોવર અને કોપર એલિગેન્સ સરોવર પહેલા જ વરસાદમાં ઓવરફલો








રાજકોટ, તા.૨૫ઃ સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેમાં રાજકોટ શહેરમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટની સામે પોલિસ હેડક્વાર્ટર ખાતે હરીશભાઈ લાખાણીના આર્થિક સહયોગથી બનેલ લાખાણી સરોવર અને બાબુ લાઈમ (લુણાગારીયા)પરિવાર તથા હરિભાઈ ચૌહાણ પરિવારના આર્થિક સહયોગથી બનેલ કોપર એલીગેન્સ સરોવર સિઝનના પેલા જ અમૃત સમાન વરસાદથી વિશાળ પાણી આવવાથી બને સરોવર ઓવરફલો થયેલ છે.

જેનાથી આજુબાજુના વિસ્તારોમાં જમીનના તળમાં ખારું તુળું અને કડયુ પાણીનું લેવલ ૧૫૦૦ થી ૨૫૦૦ ફૂટ હોય તે ખુબજ ઝડપથી ૨૫ થી ૫૦ ફૂટે મીઠું અને શુદ્ધ પાણી ઉપર આવી જશે. જેનાથી લોકોના આરોગ્યમાં ફાયદો થશે તેમજ આર્થિક દ્રષ્ટીએ મોટો ફાયદો થશે. શહેરમાં સંપૂર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણી રોકવા હોકળામાં ગટરનું ગંદુ પાણી બંધ કરાવીને ૧૦થી વધુ ચેકડેમો બનાવેલ છે. જેમાંથી હાલમાં પેલા વરસાદમાં ૨ ચેકડેમ ઓવરફલો થયેલ છે.

જો લોકો દબાણ ન કરે કે કચરો ન નાખે અને કોર્પોરેશન દ્વારા ગટરના ગંદા પાણી બંધ કરવામાં આવે અને લોકો આર્થિક સહયોગ આપે તો વરસાદી પાણી રોકાય તેના માટે ૧૨૫ થી વધુ ચેકડેમ બને તેમ છે.

આ સરોવર બનાવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, અમુભાઈ ભારદીયા, વિરાભાઈ હુંબલ, ગોપાલભાઈ બાલધા, કોપર એલીગેન્સના પ્રમુખ મકવાણાભાઈ, બાબુ લાઈમ (લુણાગારીયા પરિવાર), સહિતના જોડાયા હતા.

# પૂર્વ ઝોનના ભયગ્રસ્ત ૭૩૫ ક્વાર્ટરને નોટીસઃ નદી કાંઠેથી સ્થળાંતરની વ્યવસ્થાઓ પણ કરાઈ

- **પ્રથમ વરસાદ થતા જ ત્રણે સીટી ઈજનેરોને તેડાવતા સ્ટે.ચેરમેન : પૂર્વ ઝોનમાં કંટ્રોલ રૂમ શરૂ કરાવ્યો : પાણીના નિકાલ માટે વોર્ડવાઈઝ ટીમ**

રાજકોટ, તા. ૨૪ઃ શહેરમાં ગઈકાલથી ચોમાસાનો વરસાદ શરૂ થઈ ગયો છે ત્યારે પાણીની ડીઆઈ પાઈપલાઈન નાંખવા, ભૂગર્ભ ગટર લાઈન, પેચવર્ક સહિતની ખોદકામની કામગીરી તાત્કાલીક અસરથી બંધ કરવા સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે અધિકારીઓને સૂચના આપી છે.

વાહન ચાલકો અને રાહદારીઓને જોખમ ઉપસ્થિત ન થાય તે માટે અગમચેતીના પગલાં બાબતે ચર્ચા માટે આજરોજ જયમીનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને ત્રણેય ઝોનના સીટી એન્જીનીયરો સાથે બેઠક કરાઈ હતી. જેમાં વર્ષાૠતુને અનુલક્ષીને રસ્તા પરથી પસાર થતા રાહદારીઓને જોખમ ઉભુ ન થાય અને કોઈપણ જાનહાની નિવારી શકાય તે માટે તાત્કાલિક અસરથી કામ બંધ કરવા સુચના આપી હતી. ચોમાસામાં ડામર કામ-પેચવર્ક બંધ રાખવા તેમજ ઓછામાં ઓછા આઠથી દસ દિવસ વરસાદ બંધ રહે ત્યારબાદ પેચવર્કના કામ શરૂ કરવા સૂચના અપાઈ હતી. બેઠકમાં સીટી એન્જી. પરેશ અઢીયા, અતુલ રાવલ તથા કુંતેષ મહેતા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ડ્રેનેજ-મેનહોલની સફાઈ**

પૂર્વઝોન વિસ્તારમાં પ્રિમોન્સૂન એક્ટીવીટીના ભાગ રૂપે વોર્ડ નં.૪,૫,૬,૧૫,૧૬,૧૮માં સ્ટ્રોર્મ વોટર મેન હોલ કુલ ૪૩૨૨ નંગમાંથી ૪૩૨૨ તથા ડ્રેનેજ મેનહોલ કુલ ૨૦૨૭૭ નંગમાંથી ૧૯૮૯૨ નંગ સફાઈ કરવામાં આવેલ છે ૭૩૫ ભયગ્રસ્ત મકાનોને નોટીસ પાઠવેલ છે તેમજ મકાનોના જર્જરીત જણાતાં ભાગો દુર કરવામાં આવેલ છે. ભારે વરસાદની આગાહીના સમયે નીચાણવાળા વિસ્તારોમાંથી સ્થાનિક લોકોના સ્થળાંતર માટે જંગલેશ્વર મેઈનરોડ પર આવેલ શાળાનં.૭૦ તથા ભગવતીપરા વિસ્તારમાં આવેલ શાળાનં.૪૩ માં સ્થળાંતર કરવાની વ્યવસ્થા કરેલ છે.

પૂર્વઝોનમાં ૩૧ વોટર લોગીંગ એરિયામાં સ્ટ્રોર્મ વોટર પાઈપ લાઈન નાખી પાણીનાં નિકાલ માટેની વ્યવસ્થા કરી પાણીના નિકાલ માટે વોર્ડવાઈઝ ટીમો બનાવી, રસ્તાઓમાં ખાડાઓ, પોટ હોલ વગેરેનું તાત્કાલીક રીપેરીંગ હાથ ધરી શકાય તે માટે પૂર્વ ઝોન ના તમામ વોર્ડમાં ક્વિક રિસ્પોન્સ ટીમની રચના કરવામાં આવેલ છે.

ભારે વરસાદના સમયે પૂર્વ ઝોન ઓફીસ ખાતે ૨૪૭ કલાક રાઉન્ડ ધ કલોક ત્રણ શિફ્ટમાં કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવે છે તેમજ દરેક વોર્ડમાં વરસાદી પાણીના નિકાલ માટે ટ્રેક્ટર, જે.સી.બી., મજુરો સહિતની વ્યવસ્થા કરાઈ છે.

# ફાયર NOC આપશે કોણ? વર્ગ ૧-૨ના બંને અધિકારી હિરાસતમાં: કામગીરી વેરવિખેર

**વર્ગ-૨ના અધિકારીનો ચાર્જ વર્ગ-૩ના કર્મચારીને આપવો પડયો: એનઓસી આપવાની સત્તા ચીફ ફાયર ઓફિસર સિવાય કોઇને નથી : ટીપીઓની જેમ ડેપ્યુટેશન પર અધિકારી આપવા માંગણી**

રાજકોટ, તા. ૨૫: રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં એક મહિના પહેલા લાગેલી આગની કરૂણ દુર્ઘટનાની તપાસ રાજકોટથી માંડી રાજ્ય સરકાર કક્ષાએ હજુ ચાલી રહી છે ત્યારે આ ગેમ ઝોનના બાંધકામ, ફાયર એનઓસી સહિતની બાબતમાં સૌથી મોટી બેજવાબદારી દાખવનાર મનપા તંત્ર પર તપાસની વીજળી ખાબકેલી છે.

આ પ્રકરણમાં મનપાની બે મુખ્ય બ્રાંચ ટાઉન પ્લાનીંગ અને ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગના વર્ગ-૧ના બે અધિકારી સસ્પેન્ડ થઇ જતા મનપામાં તમામ મુખ્ય કામગીરી સ્થગિત જેવી હાલતમાં આવી ગઇ છે. તો જે કાયદાનો હવે કડકાઈથી અમલ કરવા રાજ્ય સરકારે આદેશ આપ્યો છે તે ફાયર એનઓસીના કામ કરવા માટે આજની તારીખે કોર્પોરેશનમાં કોઈ જવાબદાર અધિકારી જ ન હોવાની સ્થિતિ સર્જાઈ છે. ફાયર એનઓસીની મુખ્ય કામગીરી જે અધિકારીઓ અત્યાર સુધી કરતા હતા તે બંને અધિકારીની ધરપકડ થઈ ચૂકી છે. અગાઉ એસીબીએ ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાની ધરપકડ કરી હતી. આ બાદ બે દિવસ પહેલા ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરની પણ ધરપકડ કરીને રીમાન્ડ પર લેવામાં આવ્યા છે. ઈલેશ ખેર વર્ગ-૧ના અને ઠેબા વર્ગ-૨ના અધિકારી હતા. ડે. ફાયર ઓફિસરને અગાઉ જ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. તો હવે એકાદ દિવસમાં ઈલેશ ખેર પણ ૪૮ કલાકની કસ્ટડીના કારણે સસ્પેન્ડ થશે તેમ માનવામાં આવે છે. હાલ ડે.ફાયર ઓફિસરનો ચાર્જ વર્ગ-૩ના કર્મચારીને સોંપવામાં આવ્યો છે. ફાયર એનઓસી સહિતની મુખ્ય મંજૂરી અને પ્રક્રિયામાં ચીફ ફાયર ઓફિસરની સહી ચાલે છે.




ભુતકાળમાં એટીપીને પણ ટીપીઓના ચાર્જ આપવામાં આવ્યા છે. પરંતુ ચીફ ફાયર ઓફિસરનો ચાર્જ કોઈને આપી શકાય તેમ નથી. કેડરથી માંડી પગાર ધોરણ અને સત્તાઓમાં મોટો ફર્ક છે. એક તરફ કોર્પોરેશને સરકારના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, વાડીઓને ફાયર સેફટીના સાધનો મૂકવા અને એનઓસી મેળવવાની શરતે જગ્યા ખોલવા મંજૂરી આપી છે. હજુ હોટલ, રેસ્ટોરન્ટ સહિતના ધંધાર્થીઓ પણ આવી માંગણી કરી રહ્યા છે. પરંતુ હવે ફાયર એનઓસી અરજી આવવા છતાં તેના નિકાલ માટે કોઈ વ્યવસ્થા રહી નથી.

સરકાર સાથેના પત્ર વ્યવહાર, બે શાખાઓ વચ્ચેના વ્યવહારમાં સીએફઓની મુખ્ય કડી હોય છે. પરંતુ હવે ફાયરના બંને મુખ્ય અધિકારીની ધરપકડ થઈ ચૂકી છે ત્યારે મનપામાં હવે ફાયર એનઓસી મંજૂરીની કામગીરી કોણ કરશે તે સવાલ છે. અગાઉ ટાઉન પ્લાનીંગ ઓફિસર સાગઠીયા પાસેથી ચાર્જ લઇ લેવામાં આવ્યો તે સાથે સરકારે કાર્યકારી ટાઉન પ્લાનીંગ ઓફિસર મૂકી દીધા હતા. એટલે કે ટીપીને લગતી કામગીરીમાં ઈન્ચાર્જ વડા છે. પરંતુ ફાયર બ્રિગેડમાં અન્ય કોઇ અધિકારી આ ચાર્જને લાયક ન હોય, વર્ગ-૧ની જગ્યા તો ખાલી જ છે.

થોડા દિવસો પહેલા પદાધિકારીઓ મુખ્યમંત્રીને મળ્યા ત્યારે પણ રાજકોટને ફાયર ઓફિસર આપવા રજુઆત કરી હતી. આ સમયે તો ચીફ ફાયર ઓફિસરને હજુ આરોપી પણ બનાવાયા ન હતા. હવે બંને મુખ્ય ફાયર અધિકારી પોલીસ રીમાન્ડમાં છે ત્યારે મનપામાં કોઇને ચાર્જ આપવા જેવી હાલત પણ રહી નથી. આ સંજોગોમાં પદાધિકારીઓ અને કમિશ્નર ફરી ફાયર ઓફિસરની માંગણી સરકાર પાસે કરનાર છે. જે રીતે ઇન્ચાર્જ ટીપીઓ મૂકવામાં આવ્યા તે રીતે ડેપ્યુટેશન પર ચીફ ફાયર ઓફિસર મૂકવામાં આવે તેવી માંગણી સરકારના ધ્યાન પર મૂકવામાં આવી છે.

# રાજકોટ સહિત જિલ્લાની તમામ ડે. કલેકટર મામલતદાર કચેરીઓમાં પ્રવેશતા લોકોની નોંધણી ફરજિયાત

રાજકોટ,તા.૨૪: રાજકોટ જીલ્લા કલેકટર કચેરી સહિત જીલ્લાની તમામ પ્રાંત-ડે. કલેકટર, અને મામલતદાર કચેરીઓમાં પ્રવેશતા લોકોની નોંધણી ફરજીયાત કરી દેવામાં આવી છે. જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા કલેકટર તંત્ર હેઠળની કચેરીઓમાં મુલાકાતીઓનું રજીસ્ટર નિભાવવાનો આદેશ કરાતા આ કચેરીઓના પ્રવેશદ્વાર પર સિક્યુરીટી દ્વારા આજથી લોકોની નોંધણી કરવાનું શરૂ કરી દેવામાં આવેલ છે. જેમાં મુલાકાતીઓના નામ, સરનામા, સમય અને મુલાકાતનો હેતુ રજીસ્ટરમાં લખવામાં આવી રહ્યો છે.

અહીં એ ઉલેખનીય છે કે, જાણવા મળ્યા મુજબ બે



દિવસ પહેલા રાજ્યના મહેસુલ સચિવ દ્વારા યોજાયેલ કલેકટર કોન્ફરન્સમાં ૩૩ જીલ્લાઓના કલેકટરને મુખ્ય સચિવ મુકેશ દાસે એક કોન્ફરન્સમાં દલાલનો ફોટો દર્શાવીને જણાવેલ કે આ કોણ છે? જે બાદ તંત્રને એલર્ટ કરી દેવામાં આવેલ છે. રાજકોટની કલેકટર કચેરી સહિત તેની હેઠળ આવતી તમામ ડે.કલેકટર, પ્રાંત અને તાલુકા મામલતદાર કચેરીઓમાં મુલાકાતીઓની નોંધણી રજીસ્ટરમાં ફરજીયાત કરાતા આજથી આ કામગીરી શરૂ થવા પામી છે. આ નવા નિયમના પગલે આજે કલેકટર કચેરી ખાતે વગદાર લોકો અને રાજકીય વ્યકિતઓને નોંધણી કરાવવાનું કહેવાતા તેઓને માઠું લાગવાના કિસ્સા બન્યા હતા.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

રાજકોટ, તા. ૨૪ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૨૬ થી ૨૮ ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

દ્વારા રાજકોટ શહેરમાં ૫ થી ૧૪ વર્ષનું એકપણ બાળક શાળા પ્રવેશથી વંચિત ના રહે તેવા ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે રાજકોટ શહેરમાં શાળા પ્રવેશાત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો રંગારંગ શુભારંભ કરવામાં આવનાર છે. શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આ તકે સરકારના પ્રતિનિધિઓ, સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, મેયર, તેમજ પદાધિકારીઓ, રા.મ્યુ.કો, કોર્પોરેટરઓ, શિક્ષણ સમિતિ સદસ્યઓ, મહાનુભાવો, મહેમાનો, વાલી, વિસ્તારના આગેવાનો શિક્ષણ વિદો, સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, સ્કૂલ મેનેજમેટ કમિટિના




સભ્યો સહિત વિશાળ જન્મ-સમુદાયે ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન ૧ થી ૧૧ રૂટમાં યોજવામાં આવેલ છે. જેમાં શિક્ષણ સમિતિની વોર્ડ નં. ૧ થી ૧૮ ને આવરી લેતી કુલ ૯૩ શાળાઓ તથા ૩૧ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરીને કાર્યક્રમ યોજવામાં આવશે

આ ત્રિ-દિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન આશરે બાલવાટિકામાં ૧૫૧૪ કુમાર ૧૫૫૯ કન્યા એમ કુલ ૩૦૭૩, ધોરણ-૧ માં ૮૨૯ કુમાર ૯૦૦ કન્યા એમ કુલ ૧૭૨૯ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. ધુન પ્રવેશ ૨૫૫ બાળકોને પણ આ મહોત્સવ દરમિયાન શાળામાં પ્રવેશ અપાશે. ૧૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોર્ડ અર્પણ કરવામાં આવશે.

સમગ્ર આયોજનની વિગત જણાવતા શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા વા.ચેરમેન ડો. પ્રવીણ નિમાવત

શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, શિક્ષણ સમિતિના તમામ સદસ્યોએ જણાવેલ છે કે સમગ્ર રૂટમાં ઈન્ચાર્જ કેળવણી નિરિક્ષક, યુ.આર.સી., સી.આર.સી.. આચાર્યઓ તેમજ શાળા પરિવાર સમગ્ર આયોજન સંભાળી રહ્યા છે. આ ત્રિ- દિવસીય આયોજન માટે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. આ માટે કમ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈની અધ્યક્ષતામાં અમલીકરણ સમિતિની રચના કરવામા આવેલ છે, જેમા શિક્ષણ સમિતિના ચેરમેન શાસનાધિકારી, સંયુક્ત માહિતિ નિયામક નાયબ કમિશ્નર કોર્પોરેશનનો સમાવેશ કરાયો છે.

## સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ભૂમિ પૂજન અને માપણીનો કાર્યક્રમ યોજાયો



રાજકોટ, તા. ૨૫ઃ સરકાર શ્રી દ્વારા વિચરતી વિમુક્ત જાતિ મા સમાચેલા રાવળ સમાજ ના ૧૭૪ પરિવારો ને રાજકોટ જિલ્લા ના પીપડીયા ગામ ખાતે પ્લોટ ફાળવાયા આ તકે રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી ની અધ્યક્ષ.તા મા પીપડીયા ગામ ખાતે માપણી અને ભૂમિપૂજન ભવ્ય કાર્યક્રમ યોજાયો. આ તકે વિશેષ ઉપસ્થિત રાજકોટ જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશી. તથા આસિસ્ટન્ટ કલેક્ટર નિશા ચોધરી રાજકોટ ૨ તથા તેમની ટીમ. સરપંચ શ્રી કાનાભાઈ તથા તલાટી સોનલબેન ડોબરીયા વગેરે ઉપસ્થિત રહ્યા. આ આયોજન ને સફળ બનાવા સમસ્ત રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ ના પ્રમુખ શ્રી ગોપાલ બોરાણા તથા તેમની ટીમ શ્રી મૂકેશભાઈ બોડા મૂકેશભાઈ ભોજક વગેરે રાવળ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

## પેટ્રોલ અને ડીઝલ ભાવમાં ઘટાડો થઈ શકે

નવી દિલ્હી,તા. ૨૪ પેટ્રોલ-ડીઝલને લાંબા સમયથી જીએસટી હેઠળ લાવવાની માંગ કરવામાં આવી રહી છે. જો તેમ થાય તો દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં મોટો ઘટાડો થઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠક બાદ મીડિયા સાથે વાતચીતમાં એક સવાલના જવાબમાં કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલને ગુડ્સ એન્ડ સર્વિસ (ત્રહ્લ્ટ)હેઠળ લાવવા ઈચ્છે છે. હવે રાજ્યોએ તે વિશે નિર્ણય લેવાનો છે અને તે સાથે આવી દર નક્કી કરે.

હકીકતમાં પેટ્રોલ અને ડીઝલ પર કેન્દ્ર સરકાર તરફથી એક્સાઈઝ ડ્યૂટી લગાડવામાં આવે છે. તો રાજ્ય સરકાર દ્વારા વેટ વસૂલવામાં આવે છે. આ સિવાય ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને ડીલર કમીશનનો સરવાળો કરી અંતિમ કિંમત નક્કી થાય છે.

ઉદાહરણ માટે વર્તમાન સમયમાં દિલ્હીમાં પેટ્રોલની બેઝ પ્રાઈઝ ૫૫.૪૬ રૂપિયા છે. તેના પર ૧૯.૯૦ રૂપિયાની એક્સાઈઝ ડ્યૂટી, ૧૫.૩૯ રૂપિયાનો વેટ લાગે છે. ત્યારબાદ પરિવહન ખર્ચ અને ડીલર કમીશન ક્રમશઃ ૨૦ પૈસા અને ૩.૭૭ રૂપિયા લાગે છે. તેવામાં અંતિમ કિંમત ૯૪.૭૨ રૂપિયા થાય છે.

તો દિલ્હીમાં ડીઝલની બેઝ પ્રાઈઝ ૫૬.૨૦




રૂપિયા છે. તેના પર ૧૫.૮૦ રૂપિયાની એક્સાઈઝ ડ્યૂટી, ૧૨.૮૨ રૂપિયાનો વેટ લાગે છે. ત્યારબાદ પવિવહન ખર્ચ અને ડીલર કમીશન ક્રમશઃ ૨૨ પૈસા અને ૨.૫૮ રૂપિયા લાગે છે. તેવામાં અંતિમ કિંમત ૮૭.૬૨ રૂપિયા થાય છે.

જો પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ લાવવામાં આવે તો ઘણો ફાયદો થશે, કારણ કે જીએસટીનો મહત્તમ દર ૨૮% છે. દિલ્હીમાં પેટ્રોલની બેઝ પ્રાઈઝ ૫૫.૪૬ રૂપિયા છે. તેના પર જીએસટી લગાવવામાં આવે તો ટેક્સ ૧૫.૫૮ રૂપિયા થાય છે. જો પરિવહન ખર્ચ અને ડીલર કમિશન અનુક્રમે ૨૦ પૈસા અને રૂ.૩.૭૭ ઉમેરવામાં આવે, તો અંતિમ કિંમત રૂ. ૭૫.૦૧ થાય છે. આવી સ્થિતિમાં પેટ્રોલ ૧૯.૭ રૂપિયા પ્રતિ લીટર સસ્તું થઈ શકે છે.

## રાજુલા શહેરના અંબાજી મંદિરના રોડ પર પાણીના વેડફાટને લઇ શહેરીજનો ત્રસ્ત



રીપોર્ટરઃ ધર્મેશ મહેતા-રાજુલા

રાજુલા શહેરના એસટી બસ સ્ટેશન વિસ્તાર નજીક રોડ પર પાણીનો બેફામ વેડફાડ થઇ રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી પાણીની રેલમછેલ થતી જોવા મળી રહી છે. આ રોડ પર બારેય માસ પાણીની નદી વહેતી હોય છે. અહીં આ રોડ પર પીવાના પાણી તથા ગટરના પાણીને કારણે લોકો હેરાન-પરેશાન થઇ ગયા હતાં. જ્યારે આ રોડ પર શાળા તેમજ કોલેજ આવેલી છે. અને વિદ્યાર્થીઓને સવાર-સાંજ શાળાએ તેમજ ઘર તરફ જતી વખતે ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. અને વાહન ચાલકોને પણ રોડ પરથી અવરજવર દરમિયાન ભારે મુશ્કેલીઓ પડી રહી છે. આ પાણી રોડ પર ફરી વળવાને કારણે અકસ્માત ભય વર્તાઈ રહ્યો છે. ત્યારે દરરોજ માટે પાણીનો બગાડ થતો હોવાને કારણે ક્યાંકને ક્યાંક વહીવટદાર નગરપાલિકાની ઢીલીનીતી સામે આવી છે.

## સ્માર્ટ સિટીમાં માત્ર પોણા ઇંચ વરસાદે રાજકોટ મનપાના ભ્રષ્ટ તંત્રની પોલ ખોલી, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સિટી બસ બંધ પડી



ગઈકાલે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભરમાં વરસાદી માહોલ જામ્યો હતો અને સાંજે રાજકોટમાં પોણો ઇંચ વરસાદ વરસ્યો હતો. પરંતુ માત્ર ધીમી ધારે પોણા ઇંચ વરસાદમાં પણ અનેક વિસ્તારો તથા મુખ્ય માર્ગો પર પાણી ભરાયાં હતાં. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાના મવા સર્કલ પાસે બ્રિજ નીચે પાણી ભરાયા બાદ બીઆરટીએસ ઇલેક્ટ્રિક બસ બંધ પડી હતી. માત્ર અડધા થી પોણા ઇંચ વરસાદમાં બસના ટાયર પાણીમાં ગરકાવ થયા અને બંધ પડી. સિનિયર સિટીઝન, મહિલાઓ સહિત મુસાફરોને બસ નીચે ઉતરી અને ગોઠણ ડૂબ પાણીમાં ચાલીને બહાર જવું પડ્યું હતું. એક પણ અધિકારી, કોર્પોરેટર કે તંત્ર તરફતી કોઈ પણ વ્યક્તિ મદદે પહોચ્યું ન હતું.

## રાજુલાના વિકટર ગામે નેશનલ હાઈવે પર ગટર બનાવવામાં ન આવતા રહીશોના ઘરોમાં વરસાદી પાણી ભરાયાં



રાજુલા તાલુકાના વિકટર ગામેથી ભાવનગરસોમનાથ નેશનલ હાઈવે પસાર થાય છે. જેમાં નેશનલ હાઈવે ફોરલેનની કામગીરી ચાલુ છે. નેશનલ હાઈવે ફોરલેન પર ઓવરબ્રિજ બનાવવામાં આવેલ છે. આ ઓવરબ્રિજની બાજુમાં સાઇડ રોડની બાજુમાં ગટર બનાવવામાં ન આવતા વરસાદી પાણી લોકોનાં ઘરોમાં ભરાયા છે. આ અંગે વિકટર ગામના ગ્રામજનો દ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા ભાવનગર તથા નાયબ કલેકટર રાજુલાને લેખિત રજૂઆત કરવામા આવી હતી. વિકટર ગામે નેશનલ હાઈવે રોડના ઓવરબ્રિજ પાસે ગટર લાઇન માટે માંગ કરવામાં આવી પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા લોકો હેરાન-પરેશાન થઇ રહ્યા છે. અને નિયમો મુજબ ઓવરબ્રિજ સાઇડ રોડની બાજુમાં જ ગટર લાઇન નાખવામાં આવતી હોય છે પરંતુ અહિયાં વિકટર ગામે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ગટર લાઇન ન બનાવતા રહીશોના ઘરોમા વરસાદી પાણી ભરાતાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે. હજુ ચોમાસામાં વરસાદની શરૂઆત થઈ છે ત્યારે આવી સર્જાઇ સર્જાઇ છે. ત્યારે હવે વિકટર ગ્રામજનોના નિરાકરણ કરવામા આવશે કે નહીં તે જોવાનુ રહ્યું છે.

# ધારી વન વિભાગ દ્વારા પ્લાસ્ટિક મુક્તિ અભિયાન હાથ ધરવામાં આવ્યું





ધારી, તા. ૨૫ઃ ગીર પૂર્વ વન વિભાગ ધારી હેઠળની જસાધાર રેન્જના કાર્યક્ષેત્ર હેઠળના જશાધાર ફોરેસ્ટ સેટલમેન્ટ ગામમાં ધારીના નાયબ વંન સરક્ષક રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ એમ.આર.ઓડેદરા મદદનીશ વન સરક્ષક સાથે આરએફઓ એલ. બી.ભરવાડ તેમજ જશાદાર રેન્જના સ્ટાફ સાથે રાખીને જસાદાર ગામના ૧૦૦ જેટલા યુવાનોને પણ સાથે રાખીને પ્લાસ્ટિક મુક્ત જસાદાર અભિયાન હાથ ધરેલ હતું. અને જશાધાર ગામે પ્લાસ્ટિક સફાઈ અભિયાન હાથ ધરવામા આવેલ. આ સાથે જસાદાર ગ્રામજનોને પ્લાસ્ટિક કચરા થી થતા ખેતીવાડી તેમજ માલ ઢોરને ગામમાં જન આરોગ્ય સાથે વન તથા વન્યજીવોને તેમજ જમીનમાં પાણી જતું અટકાવતું હોય તથા નદી નાળા મારફતે વહી જલચર જીવોને પણ નુકસાન કરતા હોય છે તે બાબતે વિસ્તૃત માહીતી આપી હતી. અને પ્લાસ્ટિક મુકિત બનાવવા માટે શપથ લેવડાવવામાં આવ્યાં હતાં.


નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...



**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**





મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**



**અને જોડાઇ જાવ અમારી સાથે...**